**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૮/૦૧/૨૦૧૬ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૧૧૦ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૩ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૭/૧૬**

**વટવાઃ** વટવા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષની યુવતીએ તા.૭/૧/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઘર નજીક રહેતા આરોપી નોમાન મોહમદયુનુસ મેવ એ લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી છેલ્લા પાંચ વર્ષથી આજદીન સુધી શરીર સંબંધ બાંધી, આરોપી નોમાન મેવએ યુવતીની જાણ બહાર તા.૭/૧/૧૬ નારોજ અન્ય છોકરી સાથે લગ્ન કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એચ સરવૈયા ચલાવે છે.

**સૃષ્ટીક્રમ વિરૂધ્ધની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૮/૧૬**

**વટવાઃ** વટવા વિસ્તારમાં રહેતા સાડા ત્રણ વર્ષના બાળકના પિતાએ તા.૭/૧/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઘર નજીક રહેતો આરોપી લાલુ રામસિંગ પ્રસાદ બાળકને ચોકલેટ આપવાના બહાને નજીકની ઝાંડીઓમાં લઈ જઈ સૃષ્ટીક્રમ વિરૂધ્ધનુ કૃત્ય કર્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એચ સરવૈયા ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૯/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** સંજયભાઈ મનુભાઈ પરમાર (રહે.ગામ અણદેજ તાલુકો સાણંદ જીલ્લો અમદાવાદ) એ તા.૭/૧/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૩૦/૧૨/૧૫ નારોજ પોતાની પુત્રી કપિલાબહેન ઉર્ફે કિરણ (ઉ.વ.૨૧) એ તેના પતિ રણજીતસિંહ અમરતભાઈ ચૌહાણ (રહે.ચેહરનગર સેક્ટર-૩ સામે ચાણક્યપુરી) અને સાસુ-સસરા ના માનસીક ત્રાસના કારણે આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પોસ..ઈ.શ્રી પી કે અસોડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૦/૧૬**

**નવરંગપુરાઃ** ભાર્ગવભાઈ ગયાપ્રસાદ વર્મા (રહે.ચિત્રકુટ એપાર્ટમેન્ટ સોલા રોડ નારણપુરા) એ તા.૭/૧/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન-જુલાઈ સને ૨૦૧૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સ્ટેડીયમ સર્કલ સ્વસ્તિક હાઉસ ખાતે આયુષી એર ટ્રાવેલ્સ નામની ઓફીસ ખાતે આરોપી સલીમ ઈરમાજી વેટીલ (રહે.ઈલાવેલી હાઉસ પોષ્ટ ત્રીશુર કેરલા હાલ રહે. રપલાઈ વર્ણભુલી વીલેજ લડકટ રોડ બેંગકોક થાઈલેન્ડ) એ થાઈલેન્ડમાં પતાયાના ઈરાવત હોટલ વેચાણ કરવાનુ કહી ભાર્ગવભાઈ વર્મા પાસેથી રૂપિયા બે કરોડ પચ્ચીસ લાખ મેળવી લઈ દસ્તાવેજ નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી કે ગોસ્વામી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૧/૧૬**

**વાડજઃ** રીતેશભાઈ જયંતીભાઈ પટેલ (રહે. દર્શન કોમ્પલેક્ષ ઘાટલોડીયા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧/૧૬ સાંજના ૬/૩૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન ગોપી અન્નક્ષેત્ર નવા વાડજ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને ડોંગલ કિમત રૂપિયા ૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હેમંતભાઈ લીલાભાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૬૨/૧૬**

**આનંદનગરઃ** રેનાબહેન ચેતનભાઈ સંઘવી (ઉ.વ.૪૭) (રહે.ઈશાનીવન સીમા હોલ આનંદનગર) તા.૨/૧/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે આનંદનગર સોમેશ્વરપાર્ક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૯,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેનાબહેન સંઘવીએ તા.૭/૧/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૩/૧૬**

**સરખેજઃ** મોહનભાઈ રાયમલભાઈ રબારી (રહે.તીરથભુમી સોસાયટી મોતી હોટલ પાછળ ઈસનપુર) એ તા.૪/૧/૧૬ રાતના ૮/૦૦ વાગે સરખેજ ઉજાલા હોટલ નજીક અંબુજા હાઉસમાંથી પોતાની મેક્સ પીક અપ ગાડી નંબર જીજે ૧ બીઝેડ ૮૫૫૪ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી .જેની ચોરી તા.૫/૧/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મોહનભાઈ રબારીએ તા.૭/૧/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતીભાઈ મેરાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)